# શ્રી ભટ્ટમેવાડા બ્રાહ્મણોની ઉત્પતિ ઇતિહાસ

શ્રી ખેમરાજ કૃષ્ણદાસ, ૭ ખેતવાડી ગલી તરફથી સંવત ૧૯૭૧ શાકે ૧૮૩૯ -ઇ.સ. ૧૯૪૧માં વેંકટેશ્વર પ્રેસમાં છાપેલ ગ્રંથ.

બ્રાહ્મણોત્પતિ માંતડમાંથી પ્રકરણ ૮ મેદ પાઠ બ્રાહ્મણોત્પતિ પ્રકરણમાંથી ઉતારો (મુળ ગ્રંથ સંસ્કૃતમાં અને તેની ભાષા ટીકા હિન્દીમાં છે તેનું હિન્દી ભાષાંતર નીચે મુજબ છે.

શ્રી ગણેશાય નમઃ!!

વિધ્યવાસિની દેવીનું નામ કાત્યાયની પણ છે તે સાથે ઢુંઢી ગણપતિ કશ્યપમુનિ એકલિંગી મહાદેવ જે સાક્ષાત તીર્થ છે તેમને તથા ત્રિકુટ પર્વત અનંગંગા નદીને. નમસ્કાર કરીને સ્પષ્ટ કથા કરૂં છું!! શૌનકરૂષીએ પ્રશ્ન કર્યો કે હે સૂત મેવાડમાં એકલિંગજીને અધિષ્ઠિત, જે ભટ્ટહરક્ષેત્ર છે તેનું માહત્મ્ય કરોઃ

સુતજી એ કહ્યુ  હે શૌનક તમે જે પ્રકારે પ્રશ્ન કર્યો છે તેવો પ્રશ્ન  એક વખત પુષ્પદંત નામના ગંધર્વે શિવજીને પુછયો હતો.
શિવજીએ પુષ્પદંત ને જે કથા કહી હતી તે હું આજે આપની કહું છુ.

એક દિવસ જગતમાં ફરનારા નારદયોગી પાતાળ ગંગાના તટપર નાગલોકોને પવિત્ર કરવા પધાર્યા તેઓ અનંત નાગની પાસે ગયા. અનંતનાગે  તેમને સ્વાગત કરી આસન આપ્યું  અર્ઘ આદિથી પુજા કરી  અને પછી પ્રશ્ન કર્યો તેના જવાબમાં નારદજીએ. આશ્ચર્યયુકત વચન કહયાં કે અનંતાદિનાગો તમારો વૈભવ જગતમાં આનંદની વૃધ્ધિ કરે એવા તમારા સુકૃત્યનો ઉદય છે હું બહુ પ્રસન્ન મનથી તમારી સંતતિનો વિસ્તાર પાતાળમાં થયો છે તે જોવા આવ્યો છું. સામાન્ય સર્પો ને ગરુડથી કોઇ ભય નથી તો તમારા જેવા મોટા સર્પોને ભય કયાંથી હોય એમ નારદજીએ કહયું. એટલામાં તક્ષક નાગ અકસ્માત આવી ગયો અને પોતાની જાતને બહુ મોટો માની કહેવા લાગ્યો. હે નારદ તમારી ગતિ બધી જગ્યાએ એક સરખી રહે છે જેમ અમે નિર્ભય છે એ એવા નિર્ભયો અન્ય કોઇ ને ક્યોંય જોયા છે?. ત્યારે નારદજીએ હાસ્ય કરીને અભિમાની એવા તક્ષકને કહેવા લાગ્યા. હે તક્ષક તારા જેવો નિર્ભય કયાંય જોયો નથી પણ તારો વંશ નષ્ટ થશે (ભસ્મી ભવિષ્યતિ)

કોઇક ના દ્વારા પ્રેરિત થવાથી તથા  તક્ષકના અપરાધને કારણે અને તેના અભિમાનયુકત વાકય સાંભળવામાં આવ્યું તેથી વંશ દગ્ધ થશે. તમારામાં મુખ્ય અને અતિશય ઉજ્જવળ એવો

ડિંડીર સર્પ છે. જેના ચરણાશ્રયે તમારો થનારો ઉપદ્રવ શાંત થશે. જો કે તમે ક્રુર થયા છો તો પણ હું તમારા ઉપર પ્રસન્ન છું. તેથી તમે બધા તક્ષક આદી જે કોઇ હોય તે બધા આવનારો ભય નાશ કરવા માટે ભગવાન શિવની ઉપાસના કરો. તે તમારા સ્વામી છે અને તમે તેમનું ભુષ્ણ છો. તેથી ભય દુર કરવાનો ઉપાય તમને બતાવશે એવા નારદજીના વચનો સાંભળીને વાસુકી નાગે કર્કોટર આદિનાગોને કહેવા લાગ્યા કે હે નાગો તમારા ભાવી ઉપદ્રવ જે. થવાનો છે તે નારદજીને કહયું તેમને સાંભળો. તે ઉપરાંત શાંતિ રાખવાનો ઉપાય પણ બતાવ્યો છે. જેથી બધા સર્પોએ ક્રોધ છોડીને નિત્ય ક્ષમા રાખી રહેવાથી સુખ થશે એમ કરીને વાસુકિ કૈલાસમાં ગયા. નારદજીના કહયા મુજબ શીવજીની ઉપાસના કરી. શિવજીની ઉપાસના કરતાં બધું વૃતાંત જણાવ્યુ; ત્યારે શિવજી બોલ્યા. હે વાસુકિ તમારા વંશનો વિનાશ થવાનો છે તેની શાંતિ માટે મારા વચન મુજબ ચાલશો અને શ્રધ્ધા રાખશો તો કાર્ય થશે. મારા કહેલા વચનનું પાલન તુરત જ કરો. ભરતખંડમા; એક મેવાડ દેશ છે. જે ખુબ જ સુશોભિત છે જેમાં અનેક તીર્થો છે. ચિત્રકુટ ત્રિકુટ આદિ પર્વતો પણ છે. ત્યાં એકલિંગ મહાદેવ વિરાજમાન છે. તેમની પાસે જા અને ત્યાં મારી સેવા કરજે એવા શિવજીના વચન સાંભળીને વાસુકિ પ્રસન્ન થઇને. શિવજીને નમસ્કાર કરીને મેવાડમાં એકલિંગ મહાદેવની પાસે આવ્યો અને ભકિતથી સેવા કરવા લાગ્યા. આથી એકલિંગજી પ્રસન્ન થઇને વાસુકિને કહયું હું પ્રસન્ન વર માંગો. વાસુકિએ કહયું કે આવા પ્રસન્ન હો તો અમારા ભવિષ્યમા; થનારા ઉપદ્રવને શાંત કરો. શિવજીએ કહયું કે મારી સુચના મુજબ કામ કરશો તો તમારા ઉપદ્રવને શાંત કરવાનું એક માત્ર પરમનિદાન છે.

મારી નજીકમાં તીર્થભુમિ છે ત્યાં ઋષીઓ રહે છે તે ઠેકાણે ઉત્તમ ગામ વસાવો અને તે ઠેકાણે ઉત્તમ બ્રાહમણોનું વિધિપૂર્વક વસાવો તેઓ મારા જ છે એમ માનીને તેમનુ પાલન કરો. તો તે બ્રાહમણો દયાયુકત થઇને સેંકડો આશીર્વાદ આપશે. તેમની સેવા કરવા માટે તેટલા જ બીજા બ્રાહમણો વસાવો અને તેમની સેવા માટે વાણીયા સુથાર વિજાતિ ને વસાવો. ગામમાં ઉત્તમ ઘર બનાવીને તેમા સર્વ પદાર્થો રાખીને ધનવિધિથી તેમને આપીને ત્યાં સ્થિર ચિત રહી શિવરૂપ તે બ્રાહમણોનું સેવા કરો. તેમન સૌના પ્રેમથી હું પણ ત્યાં નિવાસ કરીશ તેમના પ્રેમથી કાત્યાયની દેવી પણ તે સ્થાનમાં રહેશે.

હવે ગામના નામ કહુ છું જેના પણ નામ છે ભટ્ટ બ્રાહમણોને દાન આપવાથી તું ભયહરણ થઇશ તેથી તે ગામનું નામ ભયહર એવૂં નામ રહેશે. તે સ્થાનમાં જે શિવસરખા ભટ્ટબ્રાહમણો નિવાસ કરશે તેથી ભટ્ટહર એવું બીજું નામ રહેશે. જે બ્રાહમણો વૈદિક મંત્રોથી આશીર્વાદ આપી નાગોનું રક્ષણ કરે છે તે સદા સર્વદા ઉપકારી રહે છે. તેથી તે સ્થાનનું નામ નાગર પણ કહે છે આમ પણ નામો સાર્થક છે. સ્થાન (નગર) ના નામ પ્રમાણે બ્રાહમણોના નામ રહે. ભયહર મેવાડ,

નાગર મેવાડા અને ભટ્ટ મેવાડા નામથી પ્રસિધ્ધ થશે. આમ સાંભળી વાસુકિ કહેવા લાગ્યો હે શિવજી તમારા આજ્ઞા હવેથી સ્વીકાર કરું છુ તેથી તે બ્રાહ્મણોના દર્શન કરાવો. એવા વચન સાંભળી શિવજીએ બ્રાહ્મણોને દર્શન કરાવ્યા. અને પરમ પ્રસન્ન થઇ કહ્યું કે વાસુકીએ મારૂ વચન સાંભળી આ ચોર્યાસી ગોત્ર ના બ્રાહ્મણો આવ્યા એમને રહેવાની વ્યવસ્થા કરીને તેમનું રક્ષણ કરવામાં ભટ્ટહરપુરુષો ભટ્ટ મેવાડાના ચોર્યાસી ગોત્ર પતિઓને રહેવાની વ્યવસ્થા કરો અને તેમની સેવા માટે ચાર ગણા મેવાડી વાણીયાઓને રાખો. અને તેની અર્ધા એવા વાસ્તુ વિધ્યામાં કુશળ એવા મેવાડી સુથાર, મેવાડા સોની, મેવાડા લુહાર, મેવાડી તંબોલી, મેવાડી નાપિત વગેરેને વસાવો. તેમના ઘરના કામ માટે સદાચાર પ્રસંગોએ જે કોઇ આવે તે પણ મેવાડા નામથી ઓળખાશે. હે વાસુકિ મારા વચનથી તું આ કામ અવશ્ય કરજે. ભટ્ટ મેવાડા બ્રાહ્મણોના કલિયુગમાં મેવાડા વાણીયા, મેવાડા સોની, સુથાર લુહારને કોઇ હશે તે ભટ્ટ મેવાડા બ્રાહ્મણોના સેવક યજમાન થશે. આ બ્રાહ્મણના આજ્ઞામા; રહેનારા હોવાથી તેમને રાખશે. આ ભટ્ટ મેવાડા બ્રાહ્મણોના શિષ્યો પણ જુદી જુદી જાતિના હશે તેઓ સ્વતંત્ર રહેશે તેઓને મારી પાસે ત્રંય વાયપુરમાં નિવાસ કરાવે તો ત્રવાય મેવાડે ઉર્ફે મવાડી મેવાડીની જુદી જ્ઞાતિ વિખ્યાત થશે.

આ મેવાડી મેવાડા બ્રાહ્મણો પણ ભટ્ટ મેવાડા બ્રાહ્મણોના હિતકારી હોય તેવા ગુરુસેવા ના ધર્મને પણ જાણતા હોય તેમને પ્રમાણિક પદાર્થોનું જ્ઞાન હોવા ઉપરાંત પોતાનું હીત કરનારા તે મજુબ ભટ્ટ મેવાડાની આજ્ઞામાં રહેશે. આપ્રમાણેનું હીત કરનારા એક ચોથી જ્ઞાતિ છે જે ચોવીસ ગોત્રોની જુદી જુદી વૃત્તિ કરાવા વાળા હશે. સેવા કરવા માટે નિશ્ચિય થયા હોય તે બધુ વિધિ વિખ્યાત એવા પંચીસા બ્રાહ્મણ થયા. તે જ્ઞાતિભેદ સ્વયં છે પણ ભટ્ટ મેવાડા તેમના ગુરુસ્થાને ગણાય છે. તેથી હે વાસુકિ તું ન્યાતોની ગોઠવણી કર. આટલુ; કરીને શિવજી જતા રહયાં ત્યાર બાદ વાસુકિએ વિશ્વકર્માને બોલાવીને તેમની મારફતે ઉત્તમ ગ્રામ નિર્માણ કરવાનીને પોતાની વંશની વૃધ્ધિ કરવાના કારણે ચોવીસ ગોત્રના બ્રાહ્મણનોને શિવજીના વચનાનુસાર શ્રીભટ્ટ હરપુરનું દાન આપ્યું તે વખત વાસુકિને ખુબ આનંદ થયો. જે ભટ્ટ હર ક્ષેત્રમાં ગણપતિ ભટ્ટ તે શિવ, હરિ, ક્ષેત્રપતિ, કાસત્યાયીની દેવી નિવાસ કરેછે. જે ક્ષેત્રમાં એકલિંગ મહાદેવ મુખ્ય છે. ત્રિકુટ પર્વત પન્યાસન છે. ગણપતિ અર્ધ નારીશ્વર બ્રાહ્મણ બટુક, અન્નપુર્ણાદેવી આ બધા દેવો વાસુકિની પ્રાપ્તિને માટે નિવાસ કરી રહયાં છે. ભટ્ટ મેવાડા વિ. તમારા બ્રાહ્મણો જેઓ શિવાજીની કૃપાથી અત્રે આસન પામ્યા છે. તેઓ વાસુકિને નિરંતર આશીર્વાદ આપી રહયાં છે. ચોવીસ ગોત્રોના નામો અને પ્રવર ચક્રમાં બતાવેલા છે.

| ક્રમાંક | ગોત્ર | પ્રવર |
|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | કૃષ્ણાત્રેય | કૃષ્ણાત્રેય, અર્ચી, અજાવત્સ | ૩ |
| ૨ | પરાશર | પરાશાર, વશિષ્ઠ, સિત્થ | ૩ |
| ૩ | કાત્યાયન | કપિલ, કાત્યાયન,વિશ્વામિત્રી | ૩ |
| ૪ | ગર્ગ | ગર્ગ, ચ્યવન, આંગિરસ | ૩ |
| ૫ | શાંડિલ્ય | શાંડિલ્ય, અસિત, દેવલ | ૩ |
| ૬ | કુશક | કુશક, અધમર્ષણ, વિશ્વામિત્ર | ૩ |
| ૭ | કૌશિક | કૌશિક, દેવરાજ, વિશ્વામિત્ર | ૩ |
| ૮ | વત્સ | વત્સ,ચ્યવન,ઔર્ય,આપ્નવાન જમદ્ગ્નિ | ૫ |
| ૯ | વાત્સ્ય | વાત્સ્ય, ચ્યવન, મૌદલ, જમદ્ગ્નિ, ઇષવ | ૫ |
| ૧૦ | ભારદ્વાજ | ભારદ્વાજ, આંગીરસ, બાર્હસ્પત્સ | ૩ |
| ૧૧ | ગાર્ગ્ય | ગાર્ગ્ય, ચ્યવન, આંગીરસ, ઇષ, બાર્હસ્પત્સ | ૫ |
| ૧૨ | ઉપમન્યુ | ઉપમન્યુ,ઉતથ્ય,આંગીરસ, ભારદ્વાજ,બાર્હસ્પત્સ | ૫ |
| ૧૩ | કૌંડિન્ય | કૌંડિન્ય, આંગીરસ, , બાર્હસ્પત્સ | ૩ |
| ૧૪ | ગૌતમ | ગૌતમ, આંગીરસ, ઔતથ્ય, | ૩ |
| ૧૫ | કાશ્યપ | કાશ્યપ, કુચ્છતપ્ત, માનાતી, લોહિત,ભાર્ગવ | ૫ |
| ૧૬ | માંડવ્ય | માંડવ્ય, મંડકેય, વિશ્વામિત્રી | ૩ |
| ૧૭ | ચંદ્રાત્રિ | ચંદ્રાત્રિ,વત્સ,કૃત્સ્ન, | ૩ |
| ૧૮ | ભાર્ગવ | ભાર્ગવ, ચ્યવન,આપ્નુવાન,ઔર્ય, જમદ્ગની | ૫ |
| ૧૯ | ગાલવ | ગાલવ, તપચક્ષા, હારિત, ઉપકલ્પિત, જયંત | ૫ |
| ૨૦ | વિષ્ણુવૃદક | પૌતુમ્યુ, ઉત્પુત્ર, સદસ્ય | ૩ |
| ૨૧ | મુદ્રાલ | મૌદ્રલ્ય,અંગીરસ, બાર્હપત્સ, | ૩ |
| ૨૨ | મૌનસ | મૌનસ, ભાર્ગવ, વૈતષ્વસ, | ૩ |
| ૨૩ | વાદ્ગી | દાલભ્ય, , બાર્હસ્પત્સ, | ૨ |
| ૨૪ | અત્રિ | અત્રિ, ગવિચ્છ, પર્વાતિથ્ય, | ૩ |

શૌનકજી પ્રશ્ન કરે છે કે પચ્ચીસમાં બંધુલ નામે જે જ્ઞાતિ ભેદ કહયો તે જુદા છે કે ઉપર ગણાવ્યા તેના છે. સુતજીએ કહયું ભટ્ટ મેવાડા બ્રાહમણો ચોવીસ ગોત્રના છે તે બધાની બંધુ સરખી પ્રીતી છે. રક્ષણ કરે છે તે માટે બંધુલ બ્રાહમણ પંચીસે બ્રાહમણ નામથી ગણનાના નિમિત્તે અહી ગણતરી કરી પણ જ્ઞાતિ જુદી થઇ છે. આ બ્રાહમણો ભટ્ટ મેવાડા વિ બ્રાહમણોમાં ભોજન વ્યવહાર

અને જ્ઞાતિ સંબબ  એકય હોય છે. તેમાં થોડુ પણ અંતર રહેતુ નથી. પરંતુ વિવાહ સંસ્કાર સંબંધ પરસ્પર થતા નથી. સામાન્ય વ્યવહારમાં મિત્રધર્મ છે. પણ વિવાહમાં કાયમ અંતર રહે છે.

ભટ્ટ મેવાડાઓનાલગ્નમાં જે વિશેષા છે. તે કહું છું વિવાહ પહેલા એક સુહાસીની માથા પર કળશ પાણી ભરેલો જેમાં પંચ પલ્લવ અને રૂપ મુકેલ હોય તે લઇને જયાં વરનો ઉતારો છે ત્યાં જઇને વરને આરામ આપી ત્યાં બેસે જેનું નામ સૌભાગ્ય સુંદરી કહેવામાં આવે છે. પછી ગામની બીજી સ્ત્રીઓ મંગળગાન કરતી લગ્ન માટે આવેલા ઉપાધ્યાયની પાસે આસન લઇ વરરાજા અને સૌભાગ્ય સુંદરીને બોલાવી, બન્ને તરફથી સ્ત્રીયો મંગળ ગીતો ગાય. ચત્વર પુર થઇ ગયા પછી વરની અર્ધ પુજા કુવરગ્રહણ વિધિ હસ્ત મેળાવ ચરુભક્ષાણિ વિ. થાય પછી છેડા છેડી બંધન કરી વરની સાથે આવેલ યાત્રીઓનું પુજન અને ગૌરવવંતુ ભોજન વિ. વ્યવહાર કરે છે. આ બ્રાહમણોની સેવા નિમિતે વાસુકિએ પહેલા ભટ્ટ મેવાડા વાણીયા   ભટ્ટ મેવાડે સુતાર, સુનાર તંબોલી ના ઇ આદીની વ્યવસ્થા કરી. જે   પ્રમાણે બ્રાહણોના જીવનમાં સંધ્યા મુખ્ય છે તે તેમ આ જાતીની મુખ્ય બ્રાહમણ સેવા છે. શૌનકજીએ પ્રશ્ન કર્યો કે સુતજી તમે ભટ્ટહર સ્થાનનું મહાત્મય કહયું પણ વાસુકી નાગે કયા કારણે ગામનું દાન કર્યું તે કારણ કહયું નથી. તે કહો ત્યારે સુતજીએ કહયું કે મહાભારતના સમયે પાંડુરાજાના પાંચ પુત્રો હતા તેમાં એક અર્જુનનો પુત્ર અભિમન્યુ હતો, આ અભિમન્યુનો પુત્ર પરિક્ષિત હતો આ પરીક્ષિતને કોઇક ઋષીએ શાપ આપ્યો. કે આજની સાતનાદિવસે તારુ તક્ષક નાગથી મૃત્યુ થશે. આમ સાત દિવસ પુરા થતાં સાતમે દિવસે તક્ષક નાગે દંશ દેતા; પરીક્ષિતનું મૃત્યુ થયું આમ પરીક્ષીતના મૃત્યુના દુઃખથી દુઃખી થયેલા પરીક્ષિતના પુત્ર જન્મે જય મેવાડના દેશમાં નાગદાર નામે ભુમિ ઉપર સર્પ સચ યજ્ઞ કરશે. યજ્ઞમાં ઘણા સર્પોનો નાશ થશે. આ યજ્ઞનો નિશ્રિય વાત નકકી થતાં સર્વે વાસુકિ પોતાની બહેનને લઇને ઉતાવળથી ભટ્ટ મેવાડાઓમાં વિષ્ણુવૃધ્ધ ગોત્રના જરત્કારુ નામના બ્રાહમણ સાથે વિવાહ વિધિથી પરણાવી કન્યા દાન  દીધુ જેનાથી આસ્તિક નામે પુત્ર થયો.

ૃ  આ પછી રાત દિવસ તપમાં નિષ્ઠ એવા પુત્રને જોઇ માતા કહેવા લાગી કે પુત્ર તું તપશ્ચર્યા કરે છે પણ તારા માતા મહના કુળનો નાશ થઇ રહયો છે. આમ માતાનું વચન સાંભળી આસ્તિક મુનીએ કહયું હે મા માતા મહના કુલનું રક્ષણ કરવા જયાં સર્પ સમપરી થાય છે. તે મંડપમાંજાઉ છું, ત્યાં જઇને ન્યાય માર્ગથી ઉપદ્રવની શાંતિ કરવા પ્રાર્થના કરીશ. તે બાદ આસ્તિક મુની સર્પયજ્ઞમાં ગયા. સર્પયજ્ઞમાં અનેક પ્રકારના સહયવાકોથી અને ચાતુર્યતાથી ભાષણ કરતાં કરતાં જેમ વામનાવતારમાં બલિને જે રીતે મોહીત કર્યો હતો તે રીતે રાજાને મોહિત કર્યો. આમ આસ્તિક મુનિના આવા વચનો માંભળી જન્મે જયરાજા પ્રસન્ન  થયાં અનેકહયું હે આસ્તિક મુનિ તમારી જે ઇચ્છા હોય તે મારી પાસે માંગદો. રાજાની આ પ્રકારનો ભાવ જોઇ આસ્તિક મુનિએ કહયું કે જો

તમો ઇચ્છતી વસ્તુ આપવા માંગતા હોય તો માત્ર એટલું જ માંગું છું કે તમારા સર્પયજ્ઞમાં તક્ષક નાગ જે ઇન્દ્રના સિંહાસનને વળગેલા છે તેને મને બંધન કરેલા છે તેને તમો છોડી મુકો. આમ આસ્તિક મુનિની માંગણીથી જ રાજાના વ્યવહાર રાજાના સૈન્યના વર્ગમાં હાહાકાર થયો અને નાગોમાં જયજયકાર થવા લાગ્યો અને જન્મેજય રાજાએ સર્પસત્ર બંધ કરી દીધો. આ પછી નાગરાજાએ મુનીની મહીમા જોઇ કહયું કે નાગો આપણે સૌ ધન્ય છીએ જેમણે માતામહાના કુળને મૃત્યુને ઉપદ્રવમાંથી મુકત કર્યો. આથી આજે અમે જાહેર કરીએ છીએ કે જયાં  આસ્તિક એવા નામનું સ્મરણ થાય કે અવાજ થાયં ત્યાં સર્પોને ભય રહે નહિ.. નવકુલના ગયાં જે બાકી રહયાં છે તે બધાના પ્રાણદાતા આસ્તિક મુની છે. જે કોઇ મનુષ્ય આસ્તિક મુનિના નામનું સમરણ કરશેતેને સર્પદંશથી ઝેર ચઢયું હશે તે ઉતરી જશે અને આસ્તિક નામ સાંભળતાં જ જો કોઇ સાપ ત્યાંથી જતો નહી રહે તો સર્પસદીમાં જેટલા સર્પો મૃત્યુ પામ્યા છે તેમનું પાપ તેમને લાગશે. એટલે આસ્તિક મુનિનું નામ સાંભળતાં જ સર્પ તે સ્થાન છોડવું અને નિર્વિષ થવું અને કોઇને દંશ કરવો નહિં.

ચોવીસે ગોત્રકે  બ્રાહમણોએ વાસુકિને આશીર્વાદ આપ્યાં હતા તે સરૂપ થયા. અને તે જગાએ નાગહાદપુર નામનું ગામ વસાવી કેટલાક  બ્રાહમણોને વસાવ્યા. તેમની સેવા માટે બેવડી સંખ્યામાં વાણીયાઓનો વસવાટ કર્યો અને તે બ્રાહમણ તથા વાણીયાઓના નામ નાગદાર એમ જાહેર કર્યુ. જે વાણીયાઓ બ્રાહમણોને આધીન રહેને સઘળું કાર્ય કરવા લાગ્યા અને આમ થતાં વાસુકિ નિર્ભય થયો.

આવા ભદ્દહર  સ્થાન નિર્માણનું પ્રયોજન કહયું: જે કોઇ આ શ્રવણ કરશે તેનું કાર્ય સિધ્ધ થશે.

આ પછી ભટ્ટ મેવાડાઓ માં આસ્તિક વંશનું સારી રીતે રક્ષણ થયું અહી આવા સતકથા પણ છે તે પણ તમને સંભળાવું છું એક દિવસ એક નાગ કન્યાના વિવાહનો ઉત્સવ શરૂ થયો ત્યં ભટ્ટમેવાડા બ્રાહમણના ત્રણ છોકરાઓ આવ્યા એક મોટો છોકરો નાગકન્યાની પાસે ગયો તે તેના ઝેરથી નાકારણે નાસી ગયો અને ચોરા સુધી ગયો તેથી તેના અનુગામી ભટ્ટ મેવાડા  ગણા યા. બીજો ભાઇ નાગકન્યાના ઝેરથી ગભરાઇને નાસી ગયો તે ચોરા સુધી ગયો તેના વંશજ ચોર્યાસી ભટ્ટ મેવાડા ગણાયા. હવે ત્રીજો ભાઇ નાગકન્યાના વીષની લહેરથી મરવા જેવો થઇ ગયો અને મુર્છીત થઇ પૃથ્વી પર પડયો. ત્યારેતેની સખી તેને કહેવા લાગી કે હે નાગકન્યમા તારા ઝેરથી બધાને આમ અસર થશે તો તારી સાથે વિવાહ કોણ કરશે તારૂ મનોરથ સિધ્ધ કયારે થશે ? ત્યારે તે નાગ કન્યાએ ધણી વખત વિચાર કર્યા પછી ગોત્રનો નાગ બનાવીને. ઝેર ઉતારવા માટે જે બ્રાહમણ મુર્છીત થઇને પડેલો હતો તેના ઉપર નાખ્યો કે તરત જ તે બ્રાહણ ઉઠીને ઉભો થયો. પછી તેનીસાથે વિવાહ કર્યા તે દિવસથી આ ત્રીજા બ્રાહમણના અનુયાયીઓ વંશસ્ય ત્રિપાણી (ત્રવાડી)

મેવાડાના નામથી વિખ્યાત થયા.

યવાડી બ્રાહમણો મોઢ બ્રાહણની કન્યા સાથે વિવાહ કર્યા તે વખતે મવાડી મેવાડાઓએ તેને મના કરી પણ રજો ગુણના અહંકારથી કોઇની વાત ન માની તેથી તેઓ અજસ મેવાડા નામે વિખ્યાત થયા તેઓ તેમની ન્યાતમાં વિવાહ કરતાં પહેલા નાગની પુજા કરે છે ભટ્ટ મેવાડા બ્રાહમણમાં બીજા ગામનો વર હોય તો ગામની બહાર ગોળની પુજા અને દીપ (બલીદાન) કરી પછી ગામમાં પ્રવેશ કરતી અને એક જ ગામમાં હોય તો ઘરમાં ગોત્રના નામની પુજા કરી દીવો પ્રકટ કરી પછી વિવાહ  માટે નીકળતાં ચોર્યાસી મેવાડા બ્રાહમણોમાં પોતાના ગામનો વર હોય કે પરગામનો હોય પણ વિવાહ કરતાં પહેલા રર્સ્તામાં પરગામની પુજા (ગોળના) ષોડષોપચાર કરીને. દીપ પ્રકટ કરીને પછી જ વિવાહ માટે જવું ત્રવાડી મેવાડા અને રાજસી મેવાડામાં પણ કન્યાના ઘેર જાય ત્યારે ત્યાં દ્વાર પુજા કરીને તે જ વખત કન્યાના ઘરમાં પલંગ પર સુઇ જાય તેના ઉપર મુર્છીત થયો હોય તેવા ઉપર ગોળનું પણી છાંટે તે બાદ વર ઉઠીને. નાગ પુજા કરે(ગોળના) અને દીપ પ્રકટ કરી સ્તુતિ કરી પછી વિવાહકર્મ કરવું એવી રીત છે. એમ મેવાડા બ્રાહણોની ઉત્પતિ ભેદનું વર્ણન કર્યું.